# મોટા સુકાઆંબા અને બાબદા ગામે આંગણવાડી કેન્દ્રના બાળકોમાં આનંદની લાગણી સાથે સંસ્કારનું સંવર્ધન

રાજપીપળા,

નર્મદા જિલ્લામાં દેડિયાપાડા તાલુકાના મોટા સુકાઆંબા ગામે આવેલું આંગણવાડી કેન્દ્ર-૧ અને બાબદા આંગણવાડી કેન્દ્ર માત્ર બાળકો માટે શિક્ષણ કે પોષણનું કેન્દ્ર નથી, પરંતુ ગામના સર્વાંગી વિકાસના પ્રેરણાસ્ત્રોત બની ગયા છે. મોટા સુકાઆંબા કેન્દ્રમાં હાલ ૨૮ અને બાબતા કેન્દ્રમાં પણ ૨૮ બાળકો નોંધાયેલા છે, જ્યાં બાળકોના આરોગ્ય, શિક્ષણ અને સંસ્કાર સાથે માતા અને બાળ કલ્યાણ માટે સરકારશ્રીની અનેક યોજનાઓનો સફળ અમલ કરવામાં આવી રહ્યો છે.

મોટા સુકાઆંબા ગામના આંગણવાડી વર્કર શ્રીમતી લક્ષ્મીબેન વિજયભાઈ વસાવા અને હેલ્પરબેન સ્નેહાબેન વસાવા પોતાના સેવા-ભાવથી આ કાર્યને આગળ ધપાવી રહ્યા છે. બાળકો માટે અવનવી શૈક્ષણિક પ્રવૃત્તિઓ, ગીતો, રમતો અને વાર્તાઓ દ્વારા શિક્ષણને આનંદદાયક બનાવવામાં આવે છે. સાથે સાથે બાળકોના જન્મદિવસ, તહેવારો તથા રાષ્ટ્રીય પર્વની ઉજવણીઓ ઉત્સાહપૂર્વક યોજાતી હોવાથી બાળકોમાં આનંદની લાગણી સાથે સંસ્કારોનું સંવર્ધન થાય છે.

આંગણવાડીની કામગીરી માત્ર બાળકો પૂરતી જ સીમિત નથી. વર્કર લક્ષ્મીબેન ઘરે ઘરે જઈ સગર્ભા તથા ધાત્રી માતાઓની મુલાકાત લઈને તેમને યોગ્ય માર્ગદર્શન આપે છે. પોષણનું મહત્વ, માતા અને બાળકની આરોગ્ય કાળજી, સમયસર રસીકરણ તથા સ્વચ્છતા અંગેની સમજણ આપીને અનેક પરિવારોને સુરક્ષિત અને તંદુરસ્ત જીવન તરફ દોરી જાય છે. આ સાથે સરકારશ્રીની પોષણ અભિયાન, માતૃ વંદના યોજના, અનાજ વિતરણ યોજના જેવી અનેક યોજનાઓ બાબતે પણ લોકોને જાગૃત કરવામાં આવે છે.આ સેવાભાવના પરિણામે ગામના આરોગ્ય પરિસ્થિતિમાં હકારાત્મક પરિવર્તન આવ્યું છે. મોટા સુકાઆંબા અને બાબદાની આંગણવાડી ગામના સામાજિક જીવનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. બાળકોને સારા સંસ્કાર, માતા-બાળ આરોગ્યમાં સુધારો અને સરકારશ્રીની યોજનાઓની અસરકારક અમલવારી – આ ત્રણે મુદ્દાઓએ ગામોમાં આશાના નવા કિરણો જગાવ્યા છે.બાબદા ગામના આંગણવાડી વર્કર શ્રીમતી ઉર્વશીબેન વસાવાએ જણાવ્યું કે, આંગણવાડીમાં અમે બાળકોને અલગ અલગ પ્રવૃત્તિ કરાવીએ છીએ, સરદારશ્રીની યોજના મુજબ અલગ અલગ અઠવાડિયાની જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. મંગળવાર અને શનિવારે વિશેષ દિવસની ઉજવણી કરવામાં આવે છે. મહિનામાં ચાર મંગળવાર હોય તો દરેકની અલગ અલગ થીમ સાથે ઉજવણી થાય છે. બાળકો ગમ્મત સાથે શિક્ષણ મેળવે છે, ધાત્રી માતા અને સગર્ભા બહેનોને ગરમ ભોજન પીરસવામાં આવે છે અને કિશોરીઓને આરોગ્યલક્ષી જાણકારી અહીંથી આપવામાં આવે છે.

આંગણવાડી કેન્દ્રના સુચારૂ સંચાલનથી માત્ર બાળકો જ નહીં, પરંતુ આખા ગામના પરિવારોમાં ખુશીનું વાતાવરણ સર્જાયું છે. આંગણવાડી વર્કર અને હેલ્પરની નિષ્ઠા, મમતા અને સેવા ભાવના સાથે સરકારશ્રીની યોજનાઓનો ગ્રામ્ય કક્ષાએ અસરકારક અમલ થતો જોવા મળે છે.આ રીતે મોટા સુકાઆંબા અને બાબદા ગામના આંગણવાડી કેન્દ્રોએ સાબિત કર્યું છે કે, જો સમર્પણ, મમતા અને સરકારની યોજનાઓ સાથે મળી જાય, તો ગામડામાં પણ સમૃદ્ધ ભવિષ્યનું નિર્માણ શક્ય બને છે. અહીંથી શિક્ષિત, સંસ્કારી અને તંદુરસ્ત બાળકો ભવિષ્યમાં સમાજ અને રાષ્ટ્રના વિકાસમાં ચોક્કસ ફાળો આપશે.

# અમરેલી માર્કેટિંગ યાર્ડ કપાસની આવકથી ઉભરાયું

અમરેલી,

અમરેલી માર્કેટિંગ યાર્ડમાં આજે ખેડૂતો પોતાની વિવિધ જણસી લઈને વેચાણ કરવા માટે આવ્યા હતા, જ્યાં ખેડૂતોને ભાવ પણ સારા મળી રહ્યા છે. હાલ જોઈએ તો મગફળીની પણ આવક નોંધાઈ રહી છે, જેમાં આજે મગફળી મઠડીના ભાવ ૬૨૮ રૂપિયાથી લઈને ૯૭૦ રૂપિયા સુધી રહ્યા હતા. જ્યારે ૫૦ ક્વિન્ટલ મગફળીની આવક નોંધાઈ હતી. મગફળી ગિરનારના ભાવ ૮૧૦ રૂપિયા સુધી રહ્યા હતા, તેની ત્રણ ક્વિન્ટલની આવક નોંધાઈ હતી. મગફળી મોટીના ભાવ ૬૦૧ રૂપિયાથી લઈને ૧,૦૦૧ રૂપિયા સુધી રહ્યા હતા. ૩૭૩ ક્વિન્ટલ મગફળી મોટીની આવક નોંધાઈ હતી.

અમરેલી માર્કેટિંગ યાર્ડમાં આજે તલ સફેદની ૧,૭૯૧ ક્વિન્ટલની આવક નોંધાઈ હતી, જેના ભાવ ૧,૩૩૦ રૂપિયાથી લઈને ૨,૨૫૦ સુધી પ્રતિમણે રહ્યા હતા. તલ કાળાના ભાવ ૨,૫૦૦ રૂપિયાથી લઈને ૪,૩૭૫ રૂપિયા સુધી રહ્યા હતા. ૧૩૭ ક્વિન્ટલ તલ કાળાની આવક નોંધાઈ હતી.

તલ કાશ્મીરીની પણ ૧૪ ક્વિન્ટલની આવક નોંધાઈ હતી, તેના ભાવ ૨,૧૦૦ થી લઈને ૨,૪૨૦ રૂપિયા સુધી રહ્યા હતા. આજે બાજરીની ૨૬ ક્વિન્ટલની આવક નોંધાઈ હતી, તેના ભાવ ૩૧૧ રૂપિયાથી લઈને ૩૫૪ સુધી પ્રતિમણે રહ્યા હતા.અમરેલી માર્કેટિંગ યાર્ડમાં આજે ઘઉંની પણ આવક નોંધાઈ હતી, જેમાં ઘઉં ટુકડાના ભાવ ૪૭૫ રૂપિયાથી લઈને ૫૫૭ રૂપિયા સુધી રહ્યા હતા.

# વિડાલ હેલ્થ અને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ HPV વેક્સીનના એક્સેસ પર સહયોગ કર્યો

પ્રતિરક્ષાત્મક અને ડિજિટલ-પ્રથમ હેલ્થકેર તરફ એક પગલાના ભાગરૂપે ભારતના બીજા સૌથી મોટા TPA સર્વિસ પ્રોવાઈડર વિડાલ હેલ્થ અને વિશ્વના સૌથી મોટા વેક્સીન ઉત્પાદક સાયરસ પૂનાવાલા ગ્રૂપનો ભાગ સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાપ્રા. લિ. આજે સર્વિકલ કેન્સર પ્રિવેન્શન અને અવેરનેસ માટેના રાષ્ટ્રીય પ્રયાસોને સમર્થન આપવા માટે એક વ્યૂહાત્મક સહયોગની જાહેરાત કરી છે. ૧ ઓક્ટોબર, ૨૦૨૫થી વિડાલ હેલ્થનું પ્લેટફોર્મ HPV વેક્સીન માટે પહેલીવખત એન્ડ-ટુ-એન્ડ એટલે કે તમારા માટે અનુકૂળ અને કેશલેસની સુવિધા પ્રદાન કરશે. તેમાં તમે પસંદ કરેલા સ્થળે ડિજિટલી ડોક્ટરની અપોઈન્ટમેન્ટ બુક કરવાથી માંડીને સંમતિ આપવા અને સર્ટિફિકેશન મેળવવા સુધીની તમામ પ્રોસેસ કોઈ પણ પ્રકારના પેપરવર્ક વિના સરળતાથી કરી શકશો. આ હેલ્થ પ્રોગ્રામ સમયસર ડોઝ રિમાઈન્ડર્સ, મોનિટરિંગ અને કાર્યક્ષમ નેટવર્ક મેનેજમેન્ટ સાથે સંપૂર્ણ સહાયતા પૂરી પાડશે.

વિડાલ હેલ્થ બજાજ ફિનસર્વ હેલ્થની ૧૦૦% સબસિડિયરી છે અને એક ડિજિટલ પ્લેટફોર્મ છે. જે વિખરાયેલા હેલ્થકેર ડિલિવરી ઈકોસિસ્ટમને એકત્રિત કરે છે અને પ્રિવેન્ટિવથી લઈને પ્રીપેઈડ હેલ્થકેર સુધીના પ્રોડક્ટ્સ અને સર્વિસેસની ઓફર કરે છે. આ ઉપરાંત તેમાં OPD કેર અને ટેલીમેડિસિનનો પણ સમાવેશ થાય છે.

બજાજ ફિનસર્વના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર સંજીવ બજાજે જણાવ્યું કે, ×ભારતમાં હેલ્થકેરનું માળખું એક મૂળભૂત પરિવર્તન અનુભવી રહ્યું છે – બીમારી પછીની પ્રતિક્રિયાત્મક કાળજીમાંથી પ્રતિરક્ષાત્મક કાળજી તરફ, જે અવેરનેસ અને આયુષ્માન ભારત જેવી પરિવર્તનકારી પહેલોથી સંચાલિત છે. બજાજ ફિનસર્વ હેલ્થમાં અમે લોકોને તંદુરસ્ત રહેવા માટે સશક્ત બનાવતું એક ડિજિટલ પ્લેટફોર્મ બનાવીને આ બદલાવને આકાર આપી રહ્યા છીએ, જેના કેન્દ્રમાં પ્રિવેન્ટિવ હેલ્થકેર છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ સાથેનો અમારો સહયોગ અમારા વેક્સિનેશન પ્રોગ્રામ માટેની મજબૂત શરૂઆત દર્શાવે છે. વ્યક્તિગત અને કોર્પોરેટ્સની હેલ્થને પ્રોએક્ટિવ રીતે મેનેજ કરવા માટે ડિજિટલ સુવિધાથી સજ્જ કર્યા છે. આ પહેલથી અમે ફક્ત તેમને લાંબા ગાળાના હેલ્થકેર ખર્ચ ઘટાડવામાં મદદ જ નહીં, પરંતુ રાષ્ટ્રના સતત સુખાકારીમાં યોગદાન પણ આપી રહ્યા છીએ.×

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર,અદાર પૂનાવાલાએ કહ્યું કે, "HPV વેક્સીન સર્વિકલ કેન્સર અટકાવવામાં મહત્વપૂર્ણ પગલું છે, પરંતુ તેનો પ્રભાવ વધારવા માટે વિશાળ પ્રમાણમાં પ્રાપ્યતા અને લોકોને જાગૃત કરવા મહત્વપૂર્ણ બાબત છે. વિડાલ હેલ્થ સાથેનો અમારો સહયોગ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને વેક્સીનને વધુ કાર્યક્ષમ રીતે અને વિશાળ સ્તરે પહોંચાડવાનો પ્રયાસ કરે છે. આવશ્યક વેક્સીનને બનાવવા અને જાહેર આરોગ્યના પરિણામોને સુધારવા માટે આ પહેલ અમારા સતત પ્રયાસોને સમર્થન આપે છે.×

વિડાલ હેલ્થકેર સર્વિસીસ લિ.ના વ્હોલ ટાઈમ ડિરેક્ટર, નીથા ઉથૈયાહએ કહ્યું, ×સીરમ ઈન્સ્ટિટ્યૂટ સાથેનો સહયોગ આપણા આરોગ્યસંભાળને સર્વસામાન્ય અને સર્વસુલભ બનાવવાના અમારી આ જર્નીમાં મહત્વપૂર્ણ છે. જે પારદર્શક અને પ્રતિરક્ષાત્મક આરોગ્યકાળજી પૂરી પાડવાની સગવડ આપે છે, ઉપરાંત અમારી હાજર સેવાઓ જેમ કે કાર્યક્ષમ ક્લેમ્સ પ્રોસેસિંગ અને વિવિધ વેલનેસ પ્રોગ્રામ્સ સાથે પૂરક બને છે. આ પ્રોગ્રામ દ્વારા અમે ભારતમાં ઊંચા હોસ્પિટલાઈઝેશન અને ખર્ચને ઘટાડવાનું લક્ષ્ય રાખી રહ્યા છીએ અને આ રીતે કેર ઈકોસિસ્ટમને વધુ કાર્યક્ષમ બનાવીએ છીએ.×

# સુરેન્દ્રનગરમાં બંટી-બબલીની જોડીએ સાત લોકો સાથે એએમસીમાં નોકરી અપાવવાની લાલચે રૂપિયા ૩૫.૧૫ લાખની છેતરપિંડી કરી

સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જિલ્લામાં છેતરપિંડીની એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહીંયા બંટી-બબલીની જોડીએ કુલ સાત વ્યક્તિઓ પાસેથી કુલ ૩૫.૧૫ લાખ રૂપિયા પડાવી લીધા છે. આરોપીઓ પોતે છસ્ઝમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં ઈન્સ્પેક્ટર તેમજ કમિશનરના રાઈટર તરીકે નોકરી આપવાની લાલચ આપતા હતા. બંટી-બબલીની આ જોડીને સુરેન્દ્રનગર પોલીસે ઝડપી પાડી છે. સાથે જ આ મામલે ૧ આરોપી ફરાર છે જેને પોલીસ શોધી રહી છે. આ આરોપીઓએ અમદાવાદ કોર્પોરેશનના બનાવટી લેટરપેડ અને સિક્કા પણ બનાવી દીધા હતા. આ મામલે જ્યારે ભોગ બનનાર યુવાનો નોકરી માટે અમદાવાદ કોર્પોરેશન પહોંચ્યા ત્યારે આખા મામલે પર્દાફાશ થયો અને બંટી-બબલીની આ જોડીને હાલ જેલના સળિયા ગણવાનો વારો આવ્યો છે. બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો, સારી નોકરીની લાલચમાં અનેક લોકો છેતરપિંડીનો ભોગ બની રહ્યા છે. આવો જ કિસ્સો સુરેન્દ્રનગર જિલ્લામાં બન્યો છે. જેમાં ૭ વ્યક્તિઓ પાસેથી નોકરી આપવાની લાલચે રૂપિયા ૩૫.૧૫ લાખ જેટલી રકમ પડાવી લીધી હતી. આ મામલે ભોગ બનનારે એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બંટી-બબલીને ઝડપી લીધા છે.

આ બનાવ અંગે એ ડિવિઝન પોલીસ મથકેથી મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગરમાં રહેતા જયેશભાઈ બાબુભાઈ મકવાણા અગાઉ ખાનગી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા અને હાલ ખાનગી હોસ્પિટલમાં ફરજ બજાવી રહ્યા છે અને તેઓ હોસ્પિટલમાં ફરજ પર હતા તે દરમિયાન તેમની પાસે અગાઉ અભ્યાસ કરતો કાનજી ગંગારામભાઈ કુણપરા ત્યાં હોસ્પિટલ ખાતે આવ્યો હતો અને વાતચીતમાં કાનજી હાલ અમદાવાદ કોર્પોરેશનમાં સેનેટરી ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતો હોવાનું જણાવ્યું હતું.

તેણે કહ્યું હતું કે અમદાવાદ કોર્પોરેશનમાં તેનું સેટિંગ છે. કોઈને નોકરી જોઈતી હોય તો, થોડા દિવસો બાદ અમદાવાદ કોર્પોરેશનમાં ભરતી અંગેનો મેસેજ કર્યો હતો. જેમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગમાં ઈન્સ્પેક્ટરની જાહેરાત હોવાનું કહ્યું હતું અને નોકરી જોઈતી હોય તો રૂપિયા ૧૫ લાખમાં સેટિંગ થઈ જશે તેવું કહ્યું હતું. પહેલા ૪.૫૦ લાખ આપવાના અને બાકીના ઓર્ડર આવી જાય પછી તેમ કહી જયેશભાઈને વિશ્વાસમાં લઈ લીધા હતા. સમગ્ર મામલે જયેશભાઈએ તેમના ભત્રીજા તેમજ ધોળકા, ધ્રાંગધ્રા, તારાપુર અને સુરેન્દ્રનગરમાં રહેતા અન્ય ૬ પરિચિત વ્યક્તિની નોકરી બાબતે વાત કરતા કાનજી અને તેની સાથે રહેતી સુરેન્દ્રનગરની કિરણબેન નંદલાલ સરવાણીયાએ કટકે-કટકે રૂપિયા ૩૫,૧૫,૦૦૦ જેટલી રકમ પડાવી લીધી હતી. જ્યાં વિજય રમણભાઈ વાઘેલા નામના શખ્સ સાથે મુલાકાત કરાવી હતી. થોડા દિવસોમાં જ કાનજીએ વ્હોટ્સએપમાં તમામ ૭ ઉમેદવારોના નોકરીના ઓર્ડર મોકલી આપ્યા હતા પરંતુ અમદાવાદ કોર્પોરેશન દ્વારા જાહેર કરેલ લિસ્ટમાં આ ઉમેદવારોએ ચેક કરતા તેમના નામ તેમાં ન જોવા મળતા શંકા ગઈ હતી.

ભોગ બનનારાઓએ ખમાસા ખાતે આવેલ કોર્પોરેશનની ઓફિસે જઈ નોકરીના ઓર્ડર તેમજ મ્યુનિસિપલ કચેરીનો પરિપત્ર બતાવતા સમગ્ર ભાંડો ફૂટી ગયો હતો. મ્યુનિસિપલ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ પરિપત્ર કે ઓર્ડર તેમની કચેરી દ્વારા ઈસ્યૂ કરવામાં આવ્યા નથી આવ્યા. જેથી જયેશભાઈએ આ બાબતે કાનજીને જણાવતા હજુ બીજું લિસ્ટ બાકી છે તમારા બધાની નોકરી કન્ફર્મ છે તેવા ખોટા આશ્વાસન આપી બીજા ત્રણ માસ જેટલો સમય વિતાવી દીધો હતો. જોકે નોકરીનું કંઈ ન થતાં તમામ ૭ ઉમેદવારોએ રકમ પરત માંગતા કાનજી સહિતના ત્રણેય ઠગોએ ફોન ઉપાડવાના પણ બંધ કરી દીધા હતા.

જયેશભાઈ સહિતનાઓને તેમની સાથે છેતરપિંડી થયા અંગેની જાણ થતાં તેઓએ સુરેન્દ્રનગર એ ડિવિઝન પોલીસ મથકે કાનજી ગંગારામભાઈ કુણપરા, કિરણબેન નંદલાલભાઈ સરવાણીયા અને વિજયભાઈ રમણભાઈ વાઘેલા સામે રૂપિયા ૩૫,૧૫,૦૦૦ ની છેતરપિંડી મામલે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ કાનજી ગંગારામભાઈ કુણપરા અને કિરણબેન નંદલાલ સરવાણીયાને ઝડપી લીધા જ્યારે વિજય વાઘેલા ફરાર થઈ ગયો છે.

ઝડપાયેલ બંટી-બબલીએ પોલીસ પૂછપરછમાં વિજય વાઘેલા સાથે મળી અમદાવાદ કોર્પોરેશનના ખોટા લેટરપેડ તેમજ સિક્કા બનાવીને છેતરપિંડી આચરી હોવાની કબૂલાત આપી.


**THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES UNDER THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED ("SEBI ICDR REGULATIONS"). NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA. INITIAL PUBLIC OFFERING OF EQUITY SHARES ON THE MAIN BOARD OF THE STOCK EXCHANGES (AS DEFINED IN THE DRHP) IN COMPLIANCE WITH CHAPTER II OF THE SEBI ICDR REGULATIONS**

**PUBLIC ANNOUNCEMENT**

(Please scan this QR code to view the DRHP)

APPL Containers Ltd. We run With Quality

# APPL CONTAINERS LIMITED

Our Company was incorporated as "APPL Containers Private Limited", a private limited company under the provisions of the Companies Act, 2013 pursuant to a certificate of incorporation dated October 21, 2021, issued by Registrar of Companies, Central Registration Centre. Subsequently, our Company was converted from a private limited company to a public limited company under the provisions of the Companies Act pursuant to a resolution passed by our Board on June 10, 2025, and by our Shareholders on June 11, 2025. Accordingly, upon conversion, the name of our Company was changed to "APPL Containers Limited" by deletion of the word 'Private' from its name and a fresh certificate of incorporation dated June 13, 2025, to that effect was issued by the Registrar of Companies, Central Processing Centre bearing Corporate Identity Number U28129GJ2021PLC126531. For details of changes in the name and registered office address of our Company, see '***History and Certain Corporate Matters***' beginning on page 258 of the draft red herring prospectus dated September 25, 2025 (the "**DRHP**" or the "**Draft Red Herring Prospectus**").

**Registered Office:** Survey No.131-B,132,132P1, Near Khodiyar Mandir, Bhavnagar-Rajkot Highway, Shampara (Khodiyar), Shampara, Vartej, Bhavnagar - 364060, Gujarat, India
**Telephone:** + 91 2846 359 240 ; **Contact person:** Divya Reejwani, Company Secretary and Compliance Officer
**E-mail:** info@applcontainers.com; **Website:** www.applcontainers.com; **Corporate Identity Number:** U28129GJ2021PLC126531

**THE PROMOTERS OF OUR COMPANY ARE HASMUKHBHAI MEGHJIBHAI VIRADIYA, VALLABHBHAI MEGHJIBHAI VIRADIYA, VAIBHAV VALLABHBHAI VIRADIYA, MANISHABEN VIRADIYA, SARITABEN VIRADIYA, EKTABEN VAIBHAVBHAI VIRADIYA, TEJASBHAI VALLABHBHAI VIRADIYA AND TIRTHRAJ HASMUKHBHAI VIRADIYA**

**INITIAL PUBLIC OFFER OF UP TO 38,10,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10 EACH ("EQUITY SHARES") OF APPL CONTAINERS LIMITED ("COMPANY" OR "ISSUER") FOR CASH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE (INCLUDING A SHARE PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE) ("OFFER PRICE") AGGREGATING UP TO ₹ [•] LAKHS ("OFFER"). THE OFFER COMPRISES OF A FRESH ISSUE OF UP TO 12,50,000 EQUITY SHARES AGGREGATING UP TO ₹ [•] LAKHS BY OUR COMPANY ("FRESH ISSUE") AND AN OFFER FOR SALE OF UP TO 25,60,000 EQUITY SHARES ("OFFERED SHARES") AGGREGATING UP TO ₹ [•] LAKHS ("OFFER FOR SALE"), COMPRISING UP TO 5,30,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH AGGREGATING UP TO ₹ [●] LAKHS BY HASMUKHBHAI MEGHJIBHAI VIRADIYA, UP TO 2,60,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH AGGREGATING UP TO ₹ [●] LAKHS BY VALLABHBHAI MEGHJIBHAI VIRADIYA, UP TO 2,55,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH AGGREGATING UP TO ₹ [●] LAKHS BY VAIBHAV VALLABHBHAI VIRADIYA, UP TO 3,75,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH AGGREGATING UP TO ₹ [●] LAKHS BY MANISHABEN VIRADIYA, UP TO 2,55,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH AGGREGATING UP TO ₹ [●] LAKHS BY SARITABEN VIRADIYA, UP TO 2,55,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH AGGREGATING UP TO ₹ [●] LAKHS BY EKTABEN VAIBHAVBHAI VIRADIYA, UP TO 2,55,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH AGGREGATING UP TO ₹ [●] LAKHS BY TEJASBHAI VALLABHBHAI VIRADIYA AND UP TO 3,75,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10 EACH AGGREGATING UP TO ₹ [●] LAKHS BY TIRTHRAJ HASMUKHBHAI VIRADIYA ("SELLING SHAREHOLDERS").**

**THE FACE VALUE OF EQUITY SHARES IS ₹ 10 EACH. THE OFFER PRICE IS [●] TIMES THE FACE VALUE OF THE EQUITY SHARES. THE PRICE BAND AND THE MINIMUM BID LOT WILL BE DECIDED BY OUR COMPANY, IN CONSULTATION WITH THE BOOK RUNNING LEAD MANAGERS AND WILL BE ADVERTISED IN [●] ALL EDITIONS OF [●], AN ENGLISH NATIONAL DAILY NEWSPAPER, [●] ALL EDITIONS OF [●], A HINDI NATIONAL DAILY NEWSPAPER AND [●] ALL EDITIONS OF [●], A GUJARATI DAILY NEWSPAPER (GUJARATI BEING THE REGIONAL LANGUAGE OF GUJARAT, WHERE OUR REGISTERED OFFICE IS LOCATED) EACH WITH WIDE CIRCULATION, AT LEAST TWO WORKING DAYS PRIOR TO THE BID/ OFFER OPENING DATE AND SHALL BE MADE AVAILABLE TO BSE AND NSE (THE "STOCK EXCHANGES") FOR THE PURPOSE OF UPLOADING ON THEIR RESPECTIVE WEBSITES.**

In case of any revision to the Price Band, the Bid/ Offer Period will be extended by at least three additional Working Days following such revision of the Price Band, subject to the Bid/ Offer Period not exceeding 10 Working Days. In cases of force majeure, banking strike or similar unforeseen circumstances, our Company, in consultation with the Book Running Lead Managers, for reasons to be recorded in writing, extend the Bid/ Offer Period for a minimum of one Working Days, subject to the Bid/ Offer Period not exceeding 10 Working Days. Any revision in the Price Band and the revised Bid/ Offer Period, if applicable, will be widely disseminated by notification to the Stock Exchanges, by issuing a public notice, and also by indicating the change on the respective websites of the Book Running Lead Managers and at the terminals of the Syndicate Members and by intimation to Self-Certified Syndicate Banks ("**SCSBs**"), other Designated Intermediaries and the Sponsor Banks, as applicable.

The Offer is being made through the Book Building Process, in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended ("**SCRR**") read with Regulation 31 of the SEBI ICDR Regulations and in compliance with Regulation 6(1) of the SEBI ICDR Regulations, wherein not more than 50% of the Offer shall be allocated on a proportionate basis to Qualified Institutional Buyers ("**QIBs**" and such portion, the "**QIB Portion**"), provided that our Company may, in consultation with the Book Running Lead Managers, allocate up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations ("**Anchor Investor Portion**"), of which one-third shall be reserved for domestic Mutual Funds, subject to valid Bids being received from domestic Mutual Funds at or above the price at which allocation is made to Anchor Investors (the "**Anchor Investor Allocation Price**"). In the event of under- subscription, or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the Net QIB Portion. Further, 5% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis only to Mutual Funds, subject to valid Bids being received at or above the Offer Price, and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIBs, including Mutual Funds. Further, not less than 15% of the Offer shall be available for allocation to Non-Institutional Bidders and not less than 35% of the Offer shall be available for allocation to Retail Individual Bidders in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received at or above the Offer Price. One-third of the Non-Institutional Portion shall be available for allocation to Non-Institutional Bidders with a Bid size of more than ₹ 2.00 lakhs and up to ₹ 10.00 lakhs and two-thirds of the Non-Institutional Portion shall be available for allocation to Non-Institutional Bidders with a Bid size of more than ₹10.00 lakhs provided that under-subscription in either of these two sub-categories of the Non-Institutional Portion may be allocated to Non-Institutional Bidders in the other sub-category of Non-Institutional Portion in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received at or above the Offer Price. All potential Bidders (except Anchor Investors) are mandatorily required to participate in the Offer through the Application Supported by Blocked Amount ("**ASBA**") process by providing details of their respective ASBA accounts and UPI ID in case of UPI Bidders, as applicable, pursuant to which their corresponding Bid Amount will be blocked by the Self Certified Syndicate Banks ("**SCSBs**") or by the Sponsor Bank(s) under the UPI Mechanism, as the case may be, to the extent of the respective Bid Amounts. Anchor Investors are not permitted to participate in the Offer through the ASBA process. For details, see ***"Offer Procedure"*** beginning on page 476 of the DRHP.

This public announcement is made in compliance with the provisions of Regulation 26(2) of the SEBI ICDR Regulations to inform the public that our Company is proposing to undertake, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offer of its Equity Shares pursuant to the Offer and has filed the DRHP dated September 25, 2025 with SEBI and the Stock Exchanges.

Pursuant to Regulation 26(1) of the SEBI ICDR Regulations, the DRHP filed with Securities and Exchange Board of India ("**SEBI**") shall be made available to the public for comments, if any, for period of at least 21 days, from the date of publication of this public announcement by hosting it on the website of SEBI at www.sebi.gov.in, on the websites of the Stock Exchanges i.e., BSE at www.bseindia.com, NSE at www.nseindia.com where the equity shares are proposed to be listed, the websites of the BRLMs, i.e. Cumulative Capital Private Limited at www.cumulativecapital.group and Shannon Advisors Private Limited at www.shannon.co.in and the website of our Company at www.applcontainers.com. Our Company hereby invites the public to give their comments on the DRHP filed with SEBI, with respect to disclosures made in the DRHP. The members of public are requested to send a copy of their comments to SEBI, to the Company Secretary and Compliance Officer of our Company and/or the BRLMs at their respective addresses mentioned herein below. All comments must be received by SEBI and/or our Company and/or the BRLMs and/or the Company Secretary and Compliance Officer of our Company at their respective addresses mentioned herein below in relation to the Offer on or before 5:00 p.m. on the 21st day from the aforesaid date of publication of this public announcement in accordance with Regulation 26(2) of SEBI ICDR Regulations.

Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in the Offer unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in the Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares have not been recommended or approved by SEBI, nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Draft Red Herring Prospectus. Specific attention of the investors is invited to ***"Risk Factors"*** on page 39 of the DRHP.

Any decision to invest in the Equity Shares described in the DRHP may only be made after the red herring prospectus ("**Red Herring Prospectus**") has been filed with the RoC and must be made solely on the basis of such Red Herring Prospectus as there may be material changes in the Red Herring Prospectus from the DRHP.

The Equity Shares, when offered through the Red Herring Prospectus, are proposed to be listed on the main board of the Stock Exchanges.

For details of the main objects of the Company as contained in its memorandum of association, see "***History and Certain Corporate Matters***" on page 258 of the DRHP.

The liability of the members of the Company is limited. For details of the share capital, capital structure of the Company and the names of the signatories to the memorandum of association and the number of shares subscribed by them see ***"Capital Structure"*** on page 102 of the DRHP.

| BOOK RUNNING LEAD MANAGERS | | REGISTRAR TO THE OFFER |
|---|---|---|
| Cumulative capital | SHANNON | |
| **Cumulative Capital Private Limited**<br>321, 3rd Floor, C Wing, 215 Atrium Co Op. Premises,<br>Andheri Kurla Road, Hanuman Nagar,<br>Andheri (E) Mumbai - 400093, Maharashtra, India.<br>**Tel:** +91 98196 62664/ 9870924935<br>**E-mail:** ipo.acl@cumulativecapital.group<br>**Investor grievance email:** investor@cumulativecapital.group<br>**Website:** www.cumulativecapital.group<br>**Contact Person:** Swapnilsagar Vithalani/ Hetal Gajra<br>**SEBI Registration No.:** INM000013129 | **Shannon Advisors Private Limited**<br>902, IX Floor, New Delhi House, 27,<br>Barakhamba Road, Connaught Place,<br>New Delhi-110001<br>**Tel:** +91 11 42758011<br>**E-mail:** appl.ipo@shannon.co.in<br>**Investor grievance e-mail:** grievance@shannon.co.in<br>**Website:** www.shannon.co.in<br>**Contact Person:** Shivani Mehra/ Rishu Goyal<br>**SEBI Registration No.:** INM000013174 | **Bigshare Services Private Limited**<br>Office No. S6-2, 6th Floor, Pinnacle Business Park,<br>Next to Ahura Centre, Mahakali Caves Road,<br>Andheri East, Mumbai - 400093<br>**Tel:** +91 22 6263 8200<br>**E-mail:** ipo@bigshareonline.com<br>**Investor grievance e-mail:** investor@bigshareonline.com<br>**Website:** www.bigshareonline.com<br>**Contact Person:** Sagar Pathare<br>**SEBI Registration No.:** INR000001385 |

**COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER**

**Divya Reejwani, APPL CONTAINERS LIMITED**
Survey No.131-B,132,132P1, Near Khodiyar Mandir, Bhavnagar-Rajkot Highway, Shampara (Khodiyar), Shampara, Vartej, Bhavnagar - 364060, Gujarat, India
**Telephone:** + 91 2846 359 240; **E-mail:** info@applcontainers.com; **Website:** www.applcontainers.com

All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the DRHP.

For **APPL CONTAINERS LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Divya Reejwani**
Company Secretary and Compliance Officer

**Place**: Bhavnagar, Gujarat
**Date** : September 26, 2025

**APPL CONTAINERS LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to undertake an initial public offer of its Equity Shares and has filed the DRHP dated September 25, 2025 with SEBI and the Stock Exchanges. The DRHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, on the websites of the Stock Exchanges i.e., BSE at www.bseindia.com, NSE at www.nseindia.com, on the websites of the BRLMs, i.e. Cumulative Capital Private Limited at www.cumulativecapital.group and Shannon Advisors Private Limited at www.shannon.co.in and on the website of our Company at www.applcontainers.com. Potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see the section titled ***"Risk Factors"*** on page 39 of the DRHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.

This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction, including India. The Equity Shares offered in the Offer have not been, and will not be, registered under the U.S. Securities Act of 1933, as amended ("**U.S. Securities Act**") and shall not be offered or sold within the United States. Accordingly, the Equity Shares are being offered and sold only outside the United States in "offshore transactions" as defined in, and in reliance on, Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where those offers and sales are made.

CONCEPT



**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. DRM-BRC 130 થી 131 વર્ષ 2025-26**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્ર. નં. | ટેન્ડર નં. | કામનું નામ | કામની અંદાજિત કિંમત (રૂ.માં) | જમા કરાવવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM BRC 130 of 2025-26 | ANND - ANND સ્ટેશન પર મુસાફરોની સુવિધાઓ સંબંધિત પ્લેટફોર્મ,PP શેડ અને અન્ય સેવા ઈમારતોનું સમારકામ. | 1,06,98,766.17 | 2,03,500.00 |
| 2 | DRM BRC 131 of 2025-26 | સિનિયર DEN ઈસ્ટ BRC ના અધિકારક્ષેત્ર હેઠળ રોબોટિક વેલ્ડીંગ દ્વારા જર્જરિત CMS ક્રોસિંગનું પુનઃનિર્માણ. | 1,23,80,957.98 | 2,11,900.00 |

**ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ટેન્ડર **27.10.2025** ના રોજ **15.00** કલાક પહેલા સબમિટ કરવાનું છે અને તે જ તારીખે **15.30** કલાકે ખોલવાનું છે. **વેબસાઈટની વિગતો અને સૂચનાનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ટેન્ડર ફોર્મ જ્યાંથી ખરીદી શકાય તે કાર્યાલયનુ સરનામું: વેબસાઇટ: www.ireps gov in.** ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા -390 004.

BRC 203

Like us on: facebook.com/WesternRly Follow us on: twitter.com/WesternRly